# કટોકટી માટેની તૈયારી કરવી

## તૈયાર રહો... એક યોજના બનાવી રાખો.

એક વાતની ખાતરી રાખો કે તમારા પરિવારની દરેક વ્યક્તિને ખબર હોય કે કટોકટીના સમય પહેલા, દરમિયાન અને પછી શું કરવું જોઇએ. કટોકટી માટે કઇ રીતે ઉત્તમ તૈયારી કરી શકાય એ વિશે ચર્ચા કરવા માટે તમારા પરિવારની એક સભા ગોઠવો. એક યોજના બનાવી રાખો. જો તમે એકલા રહેતા હો તો, તમારા માટે એક યોજના વિકસાવો જેમાં પાડોશીઓ અને મિ ો સાથે તમે સંકળાયેલા રહો.

## કટોકટીના સમયના નંબરો હાથવગા રાખો

મહત્વના ટેલિફોન નંબરો અને સરનામાની એક સૂચિ ફોનની નજીક રાખો, કટોકટીની પરિસ્થિતિમાં, મા ા કટોકટીના ફોન કરવા માટે જ ફોનનો ઉપયોગ કરો. કોઇ બીજા વિસ્તારની એક વ્યક્તિને પસંદ કરી રાખો જેથી કરીને જો કટોકટી દરમિયાન તમે વિખૂટા પડી જાવ તો તમારા પરિવાર માટે એનો સંપર્ક સાધી શકાય. એ વાતની ખાતરી રાખો કે આ વ્યક્તિનો ટેલિફોન નંબર હંમેશા દરેક જણ પાસે હોય.

## ઘરમાંથી બહાર છૂટી નીકળવા માટેની એક યોજના વિકસાવી રાખો

તમારા ઘરનો નકશો દોરીને ઘરમાંથી બહાર છૂટી નીકળવા માટેની એક યોજના વિકસાવી રાખો. કાળી અથવા ભૂરી પેન વાપરીને, દરવાજા, બારીઓ, દાદરા અને મોટા ફર્નિચર કઇ જગ્યાએ છે એ દર્શાવો. દરેક માળ માટે જુદા પાનાંનો ઉપયોગ કરો. કટોકટીમાં વાપરવાની વસ્તુઓ, અગ્નિશામક યં ા, સ્મોક એલાર્મ્સ, નાની-મોટી થઇ શકે એવી સીડીઓ, પ્રાથમિક સારવારના સાધનો અને યુટિલીટી બંધ કરવાના પોઇન્ટ્સ કઇ જગ્યાએ છે એ દર્શાવો. ત્યાર બાદ, એક રંગીન પેન વાપરીને તૂટક રેખા દોરીને દરેક ઓરડામાંથી બહાર

છૂટી નીકળવા માટેના ઓછામાં ઓછા બે રસ્તા રેખાંકિત કરો. અને છેલ્લે, ઘરની બહાર એક એવી જગ્યા પર નિશાની કરી રાખો જ્યાં કટોકટીના સમયે ઘરના બધા જ સભ્યોએ ભેગા મળવું જોઇએ

જો તમે એપાર્ટમેન્ટમાં રહેતા હો તો, તમારા પરિવારના બધાને જ કટોકટીના સમયે બહાર નીકળવાનો માર્ગ બતાવી રાખો. એ લોકોને ફાયર એલાર્મ ક્યાં છે તે બતાવી રાખો અને એ ક્યારે અને કેવી રીતે વાપરવું એ સમજાવી રાખો. આગ કે બીજી કોઇ કટોકટીના સમયે, ક્યારેય લિફ્ટનો ઉપયોગ ન કરવો, કારણ કે જો પાવર જતો રહે તો એ કામ નહીં કરે. ઊંચા મકાનોમાની સલામતી માટે વધુ માહિતી મેળવવા માટે, તમારી સ્થાનિક ફાયર અને ઇમર્જન્સી સર્વિસીઝનો સંપર્ક કરો. દર વરસે ઓછામાં ઓછી બે વાર ઘરના દરેક સભ્ય સાથે કટોકટીના સંજોગોમાં બહાર નીકળવા માટેની કવાયતની તાલીમ લો. તમારા ઘરમાંથી બહાર છૂટી નીકળવાનો નકશો બાળકો અને બાળકોની દેખરેખ રાખવાવાળા જોઇ શકે એ રીતે રાખો. ઘરમાંથી બહાર છૂટી નીકળવા માટેની યોજના વિકસાવવા માટે વધુ માહિતી મેળવવા માટે, તમારી સ્થાનિક ફાયર અને ઇમર્જનસી સર્વિસીઝ – ફાયર પ્રિવેન્શન ડિવીઝનનો સંપર્ક કરો.

## ફેમિલી ઇમર્જન્સી કિટ બનાવો

કટોકટીની ઘટનાના સમયે જો તમને તમારૂ ઘર ખાલી કરાવવામાં આવે અથવા તો તમારા ઘરમાં જો તમારે પૂરાઇ રહેવું પડે તો કટોકટીના સમય માટેની એક કિટ તમારા પરિવારને જરૂરી વસ્તુઓ પૂરી પાડશે. કટોકટીના સમય માટેની એક કિટમાં ૩ દિવસ ચાલે એટલી સામગ્રી હોવી જોઇએ. પરિવારની આ કટોકટીના સમય માટેની કિટ ક્યાં રાખવામાં આવે છે એ દરેકને ખબર હોય એ વાતની ખાતરી કરો. કટોકટીના સમય માટેની આ કિટમાં નીચે મુજબની વસ્તઓ હોવી જોઇએ:

- દવા અને પ્રાથમિક સારવારની સામગ્રી
- પાણી
- બગડી ન જાય એવો ખોરાક
- ટોર્ચ અને બેટરી
- ધાબળા અને ગરમ કપડાં

વધુ માહિતી માટે અથવા તમારી સામાજીક સંસ્થામાં પરિચય મેળવવા માટે નોંધણી કરાવવા ૯૦૫-૮૭૪-૨૯૧૧ પર ફોન કરો.